નવી સેવા – ૨૦૧૫-૧૬
સુરત રેન્જ કચેરીનું આધુનિકરણ
કરવા વિવિધ સંવર્ગની ૧૮ જગ્યાઓ
ઉભી કરવા બાબત (આયોજન)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૪-૪૩૫૦-સ
સચિવાલય ગાંધીનગર
તારીખ : ૧૮/૦૫/૨૦૧૫

**વંચાણમાં લીધાઃ-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા. ૨૦/૧૧/૨૦૧૪ના પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૪૭૫/૨૦૧૪

(૨) વર્ષ : ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨ પાના નંબર-૧૫૦

**ઠરાવઃ-**

. રાજયની અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, જુનાગઢ તથા બોર્ડર રેન્જ ભુજ, રેન્જ કચેરી પાસેથી કરવામાં આવતી કામગીરીમાં ખુબજ વૃધ્ધી થયેલ છે. ગંભીર પ્રકારના ગુન્હાઓ અટકાવવાની અને શોધવાની કામગીરી, આર્થિક તેમજ સાયબર ક્રાઇમ, આંતરિક આતંકવાદ અને આંતરિક સુરક્ષાના પડકારો પ્રત્યે યોગ્ય પ્રતિસાદ, ઇન્ટેલીજન્સની કામગીરી, ઇમરજન્સી અને ક્રાઇસીસ મેનેજમેન્ટ વગેરેની કામગીરીમાં રેન્જ કચેરીથી નેતૃત્વ અને પહેલવૃતિમાં વૃધ્ધી થાય, અસામાજીક પ્રવૃતિઓ પર અંકુશ રાખવાની કામગીરી સાથે સાથે સામાન્ય નાગરીકો અને ખાસ કરીને કમજોર વર્ગોને પોલીસના યોગ્ય પ્રતિભાવ મળે તેમજ રાજ્યની સાત રેન્જના વડોશ્રીઓના કાર્યભાર વધુ એક્ઝીક્યુટીવ બની રહે અને પરીણામ લક્ષી કામગીરી થઇ શકે તે માટે નવુ મહેકમ મંજુર કરવા ૨૦૧૫-૧૬માં એક રેન્જ કચેરી સુરત કચેરીનું આધુનિકરણ કરવા માટે પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીએ સંદર્ભ-૧ માં દર્શાવેલ તેઓના તા.૨૦/૧૧/૨૦૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ–૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં તે માટે મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉક્ત દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અતે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજ પત્રમાં નવી સેવા હેઠળ સુરત રેન્જ માટે વિવિધ સંવર્ગની નીચે મુજબની ૧૯ જગ્યાઓ ભરવા માટે રૂ. ૫૦,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ લાખ પુરા)ની આવર્તક ખર્ચની સુરત રેન્જ કચેરીનુ આધુનિકરણ કરવાની જોગવાઇ કરવામા આવી છે. ઉક્ત જોગવાઇ અન્વયે આ જગ્યાઓને તા. ૨૯/૦૨/૨૦૧૬ સુધીની મુદત માટે જગ્યાઓ ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| અ.નં | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગારધોરણ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી નાયબ પોલીસ અધીક્ષક | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ |
| ૨ | બિન હથિયારી પોલીસ ઇન્સપેક્ટર | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૩ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર | ૨ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૩૭૦૦ ફીક્સ) | ૪૪૦૦ |
| ૪ | પોલસી સબ ઇન્સપેક્ટર ટેકનિકલ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૩૭૦૦ ફીક્સ) | ૪૪૦૦ |
| ૫ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૬ | બિન હથિયારી કોન્સ્ટેબલ | ૧૦ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફીક્સ) | ૧૮૦૦ |
| | **કુલ જગ્યાઓ** | **૧૮** | | |

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.
8. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતી ના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નિતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીનો રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગ ના તા.૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦3/જીઓઆઇ/૧૦(પ.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

11. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીને જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
12. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશ.
13. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ
14. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
15. આ નવી મંજૂરી કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ : ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નીચેના સદરે કરવાનું રહેશે.

"મુખ્ય સદર : ૨૦૫૫- પોલીસ પેટા મુખ્ય સદર:૦૦ ગૌણ સદર:૦૦૧- નિર્દેશ અને વહીવટ, પેટા સદર :૦૦૧-MEP-30-પોલીસ મહાનિરીક્ષક અને નાયબ પોલીસ મહાનિરીક્ષક, કોડ નંબર :૧૧૪૫૩૦" સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગની તા.૧૫/૦૪/૨૦૧૫ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહા મહિમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧ સચિવાલય,ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર

- અધિક પોલીસ મહાનિદેશક(વહીવટ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી,
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિન્ડડ ફંડ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણા વિભાગ/ઝ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ વ, અ. બજેટ, બ શાખા, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબત સિલેક્ટ ફાઇલ